RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 290, Dt.25-2-2025 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# નોકરીયાતને જ નહિ દરેક વૃધ્ધને પેન્શન આપવા સરકારની તૈયારી

## તમામ નાગરિકોને સામાજીક સુરક્ષા પ્રદાન કરવાનો હેતુંઃ કોઈપણ વ્યકિત યોગદાન આપી પેન્શન કમાઈ શકશે

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

દરેક વ્યક્તિ વળદ્ધાવસ્થામાં પેન્શન મેળવવા માંગે છે, પરંતુ તે ફક્ત સરકારી અને ખાનગી કર્મચારીઓ માટે જ ઉપલબ્ધ છે. જોકે, હવે સરકાર એક એવી યોજના પર કામ કરી રહી છે જે સામાન્ય માણસનું પેન્શન અંગેનું સ્વપન સાકાર કરશે. વાસ્તવમાં, સરકાર એક યુનિવર્સલ પેન્શન યોજના પર વિચાર કરી રહી છે, જે એક સ્વૈચ્છિક અને ફાળો આપતી યોજના હશે અને તેનો ઉદ્દેશ્ય તમામ નાગરિકોને સામાજિક સુરક્ષા પૂરી પાડવાનો હશે.



ઊઝ ના અહેવાલ મુજબ, શ્રમ અને રોજગાર મંત્રાલયે અમ્બ્રેલા પેન્શન યોજના પર ચર્ચા શરૂ કરી દીધી છે. અધિકારીઓએ આ માહિતી આપી છે. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ ઊઝ ને જણાવ્યું હતું કે, આ યોજના સ્વૈચ્છિક અને ફાળો આપનારી હશે, રોજગાર સાથે જોડાયેલી નહીં હોય અને તેથી દરેક વ્યક્તિ ફાળો આપી શકે છે અને પેન્શન મેળવી શકે છે.

આ બાબતથી વાકેફ લોકોએ જણાવ્યું હતું કે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન હેઠળ આ યોજના પર વ્યાપકપણે કામ કરવામાં આવી રહ્યું છે. યોજનાનો બ્લુપ્રિન્ટ તૈયાર થઈ ગયા પછી, મંત્રાલય યોજનાને અંતિમ સ્વરૂપ આપવા માટે હિસ્સેદારોની સલાહ લેશે.

યુનિવર્સલ પેન્શન સ્કીમ - ોગ્રામને વધુ આકર્ષક બનાવવા માટે, સમાજના તમામ વર્ગો સુધી તેનો વ્યાપ વધારવાની સાથે પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે કેટલીક હાલની કેન્દ્રીય યોજનાઓને તેમાં મર્જ કરવામાં આવશે.

આ યોજનાનો ઉદ્દેશ્ય અસંગઠિત ક્ષેત્રના કામદારો, વેપારીઓ અને સ્વરોજગાર વ્યક્તિઓ અને ફાળો આપતી વય જૂથ (૧૮ વર્ષ અને તેથી વધુ) ના બધા લોકોને લાભ આપવાનો છે જેઓ ૬૦ વર્ષ પછી પેન્શન લાભ મેળવવા માંગે છે.

આ છત્ર યોજના હેઠળ મર્જ કરી શકાય તેવી કેટલીક હાલની સરકારી યોજનાઓમાં પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજના અને વેપારીઓ અને સ્વ-રોજગાર માટે રાષ્ટ્રીય પેન્શન યોજનાનો સમાવેશ થાય છે. બંને સ્વૈચ્છિક સ્વભાવના છે અને સબ્સ્ક્રાઈબર્સને નોંધણી સમયે ઉંમરના આધારે ૫૫ થી ૨૦૦ રૂપિયા સુધીના યોગદાન પર ૬૦ વર્ષની ઉંમર પછી ૩,૦૦૦ રૂપિયાનું માસિક પેન્શન મળે છે, અને સરકાર તરફથી સમાન યોગદાન પણ મળે છે.

## જંત્રી દર વધારવાના કારણે રાજ્ય સરકારની તિજોરી ને રૂ.3300 કરોડની આવક થશે

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

ગુજરાતમાં હવે નવા જંત્રી દરના તબકકાવાર અમલની તૈયારી છે અને રાજય સરકારે બજેટમાં પણ રીયલ એસ્ટેટ સંબંધી કોઈ મોટી રાહત આપી નથી તે સમયે રાજય સરકારની સ્ટેમ્પ ડયુટી અને રજીસ્ટ્રેશન આવકમાં ૨૦૨૫/૨૬ના વર્ષમાં જંત્રી દર વધારવાના કારણે જંગી આવક વધારો થશે અને તે રૂ.૩૩૦૦ કરોડની કુલ આવક હશે.



ખુદ રાજય સરકારના અધિકારીઓ માને છે કે જે આવક ૨૦૨૪/૨૫ના વર્ષમાં રૂ.૧૬૫૦ કરોડની હતી. આમ સરકારની આવક ફકત જંત્રી દર વધારાથી ડબલ થઈ જશે. જો કે બજેટમાં આ પ્રકારે સ્ટેમ્પ ડયુટી રજીસ્ટ્રેશનની આવક રૂ.૧૯૮૦૦ કરોડની થશે તેવું દર્શાવાયુ છે. પણ આ અંગે અધિકારીઓ કહે છે કે બજેટ તૈયારી કરતા સમયે હાલના જંત્રીદર તથા રીયલ એસ્ટેટની વર્તમાન સ્થિતિ અને ટ્રેન્ડના આધારે અંદાજીત આવકનો આંકડો તૈયાર કરવામાં આવે છે. રાજય સરકારે નવી જંત્રીના સમય અંગે હજુ કોઈ આખરી નિર્ણય લીધો નથી.

તેથી તેની અસર અંદાજીત આવકમાં દેખાય નહી તે સ્વાભાવિક છે અને જંત્રીદર વધારો નિશ્ચિત છે.

## યુક્રેન-રશિયાનું યુદ્ધ અટકાવવા માટેના એક પ્રસ્તાવમાં અમેરિકાએ રશિયા સાથે મતદાન કર્યુ

### રાષ્ટ્રસંઘમાં પણ અમેરિકા હવે રશિયાની પંગતમાં જઈ બેઠું

**મુખ્ય સમાચાર,ન્યુયોર્ક**

રશિયા-યુક્રેનના યુદ્ધ મુદ્દે હવે વધુ એક મોરચે અમેરિકાએ રશિયાને સાથ આપીને સૌને ચોકાવી દીધા છે. લાંબા સમય પછી ફરી એક વખત રશિયા અને અમેરિકામાં રાષ્ટ્રસંઘને તેના પ્યાદા તરીકે ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો.યુક્રેન-રશિયાનું યુદ્ધ અટકાવવા માટેના એક પ્રસ્તાવમાં યુરોપીયન દેશોથી અલગ રહીને અમેરિકાએ રશિયા સાથે મતદાન કર્યુ હતું. જયારે રાષ્ટ્રસંઘમાં યુરોપીયન દેશોએ આ યુદ્ધ માટે રશિયાને જવાબદાર ગણાવતા રશિયા તાત્કાલીક યુક્રેનમાંથી તેનું સૈન્ય પાછુ ખેંચી લે તેવી આગાહી કરી હતી.

જે પ્રસ્તાવ ૯૮ વિ ૧૮ મતે પસાર થયો હતો અને ૬૫ દેશોએ મતદાન કર્યુ નથી. અમેરિકા આ પ્રસ્તાવમાં મતદાનથી દુર રહ્યુ હતું અને ફ્રાન્સે પ્રસ્તાવનું નેતૃત્વ કરીને તે પસાર કરાવ્યો હતો જેમાં યુક્રેનની સ્થિતિ માટે રશિયાને જવાબદાર ગણાવાયુ હતું.

બાદમાં અમેરિકાએ શાંતિ પ્રસ્તાવ રજુ કર્યા પણ તેમાં રશિયાના આક્રમણનો ઉલ્લેખ કરવાથી દુર રહ્યુ હતુ પણ યુરોપના દેશોએ તેમાં સુધારો કરી રશિયાને જવાબદાર ગણાવતો પ્રસ્તાવ ઉમેર્યો તો તેમાં રશિયાએ પ્રસ્તાવ વિરુદ્ધ મતદાન કર્યુ.



અમેરિકા તેમાં મતદાનથી દુર રહ્યું અને બાદમાં આ સુધારા પ્રસ્તાવ પણ ૯૩ વિ ૮ મતોએ પસાર થયો. ભારત બન્ને સમયે મતદાનથી દુર રહીને તેનું વલણ અનિશ્ચિત રાખ્યુ છે. જો કે અમેરિકાએ તુર્તજ તેનો મૂળ શાંતિ પ્રસ્તાવ રાષ્ટ્રસંઘની સલામતી સમીતીમાં ૧૫ સભ્યોના મતદાન માટે મુકયો હતો.

## અમેરિકાએ ભારત સહિત ઈરાનની ૧૬ કંપનીઓ પર પ્રતિબંધ લગાવ્યો

**મુખ્ય સમાચાર,વોશીંગ્ટન**

ભારત સહિત દેશો પર ટેરિફ ઝીકવાની ધમકી ઉચ્ચારી રહેલા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આક્રમક વલણ જારી રાખ્યુ હોય ભારત સહિત ઈરાનની ૧૬ કંપનીઓ પર પ્રતિબંધ લગાવ્યો છે.

અમેરિકી નાણાં મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિવેદન મુજબ ભારતની ચાર કંપનીઓ પર પ્રતિબંધ મુકાયો છે તેમાં આસ્ટીનશીપ મેનેજમેન્ટ પ્રા.લી. બીએસએમ મરીન, કાસમોસ લાઈન્સ ઈન્ક તથા ક્લકસ મેરીટાઈમનો સમાવેશ થાય છે. ઈરાન દ્વારા ત્રાસવાદીઓને પ્રોત્સાહન-આર્થિક મદદ રોકવા માટે આ પ્રકારની કાર્યવાહી ચાલુ રાખવાનું જાહેર કર્યુ છે. ઈરાનની તેલ અને પેટ્રોકેમીકલ્સ ક્ષેત્ર સાથે વ્યાપારીક વ્યવહાર- સાંઠગાંઠ ધરાવતી હોવાને કારણે ભારતીય કંપનીઓ પર પ્રતિબંધ મુકાયો છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના ક્રુડ વેચાણને નિશાન બનાવીને પ્રતિબંધોને આ બીજો ડોઝ આપ્યો છે. ઈરાન પર મહતમ દબાણ સર્જવાની અમેરિકાની રણનીતિ છે.નિવેદનમાં એમ કહેવાયુ છે કે ઈરાનના ક્રુડ તથા પેટ્રોકેમીકલ્સ ક્ષેત્ર સાથે સંકળાયેલી હોવાથી ઈરાનની ૧૬ કંપનીઓ તથા જહાજો પર પ્રતિબંધ મુકવામાં આવે છે. આ શીપીંગ નેટવર્ક એશિયન ગ્રાહકોને



ક્રુડતેલ લોડ કરવા તથા તેના પરિવહનમાં પોતાની ભૂમિકા છુપાવવામાં આવી રહી હતી. યુક્રેન સાથેના યુદ્ધના ત્રણ વર્ષ પૂર્ણ થવા પર બ્રિટને રશિયા સામેનુ સૌથી મોટુ કદમ ઉઠાવ્યુ છે. રશિયાને સૈન્ય-શસ્ત્ર સપ્લાયમાં સામેલ ભારતીય કંપની ઈનસિયા ઈમ્પેકસ પર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી છે.મશીન ઉપકરણો, શસ્ત્રો માટે ઉપયોગમાં લેવાતા માઈક્રોપ્રોસેસર સપ્લાય કરતી ભારત ઉપરાંત તુર્કી, થાઈલેન્ડ તથા ચીનની કંપનીને પણ નિશાન બનાવી છે.

## મહાશિવરાત્રી પુર્વે મહાકુંભ, વારાણસી તથા અયોધ્યામાં ભાવિકોનો મહાસાગર છલકાયો

### ઉતરપ્રદેશના તમામ ધાર્મિક જીલ્લામાં એલર્ટના આદેશ

**મુખ્ય સમાચાર, પ્રયાગરાજ**

પ્રયાગરાજના મહાકુંભનો આવતીકાલે મહાશિવરાત્રીનો દિવસ છેલ્લો હતો અને ૧૩મી જાન્યુઆરીથી ચાલી રહેલા વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાનુ સમાપન થશે તે પુર્વે મોટીમાત્રામાં ભાવિકો ઉમટવા લાગતા તંત્ર એલર્ટ બન્યુ છે.

મહાશિવરાત્રી પુર્વે મહાકુંભ ઉપરાંત વારાણસી તથા અયોધ્યામાં પણ ભાવિકોનો મહાસાગર છલકાયો છે જેને પગલે વ્યવસ્થા સંભાળવા વધારાનો સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને ભીડ નિયંત્રીત રહે તે માટે સુરક્ષા સહિતની ગોઠવણો કરવામાં આવી છે.

રાજય સરકાર દ્વારા અયોધ્યા, વારાણસી, મિર્જાપુર સહિત તમામ ધાર્મિક જીલ્લામાં તંત્રને એલર્ટ રહેવાના આદેશ કરાયા છે. મહાકુંભમાં અત્યાર સુધીમાં એટલે કે સોમવાર સુધીમાં સ્નાન કરનારા શ્રદ્ધાળુઓનો આંકડો ૬૩ કરોડે પહોંચી ગયો હતો. સ્નાન કરનારાઓમાં ફિલ્મી સ્ટાર્સ પણ સામેલ થઈ ચૂકયા છે.

સોમવારે અક્ષયકુમાર, કેટરીના કેફ, પ્રીતિ ઝીંટાએ પણ સંગમમાં ડૂબકી લગાવી હતી. જયારે અનેક રાજનીતિક હસ્તીઓ પણ મહાકુંભમાં પહોંચી હતી. આવતીકાલે મહાશિવરાત્રીનું પર્વ છે. મહાકુંભમાં સ્નાન બાદ શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં કાશી તરફ જઈ રહ્યા છે. આ સ્થિતિમાં ત્યાં ડ્રોનથી નજર રાખવામાં આવી રહી છે. સુરક્ષા વધારવામાં આવી છે.

સાથે સાથે કાશી વિશ્વનાથ મંદિરમાં મહા શિવરાત્રીના અવસરે શ્રદ્ધાળુઓની ભીડ જોતા ૨૫થી૨૭ ફેબ્રુઆરી સુધી વીઆઈપી દર્શન પર રોક લગાવી દેવામાં આવી છે.

વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરના મુખ્ય કાર્યપાલક અધિકારી વિશ્વ ભૂષણ મિશ્રાએ જણાવ્યું હતું કે મહા શિવરાત્રીએ મોટી સંખ્યામાં વિભિન્ન અખાડાના સાધુ, સંતો અને નાગા સાધુ કાશી વિશ્વનાથ મંદિરમાં દર્શન-પૂજન કરશે. આ અવસરે નાગા અખાડા તરફથી શોભાયાત્રા કાઢીને દર્શન પૂજન કરવામાં આવશે. જેથી મંદિરના ગેટ



નં.૪ થી સામાન્ય લોકોનો પ્રવેશ બંધ થશે.

બધા જિલ્લા માટે એલર્ટ જાહેરઃ મહાકુંભ અને મહાશિવરાત્રીને લઈને ડીજીપીએ અધિકારીઓને નિર્દેશ આપ્યા હતા કે મહાકુંભમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ લોકો બધા રાજયમાંથી આવી રહ્યા છે, જે પ્રયાગરાજની સાથે સાથે અન્ય ધાર્મિક જિલ્લા જેમકે અયોધ્યા, વારાણસી, મિર્ઝાપુરમાં પણ દર્શન માટે જઈ રહ્યા છે, એટલે બધા જિલ્લામાં ખાસ સતર્કતા રાખવામાં આવે.

## શિવરાત્રી પુર્વ દ્વારકામાં મહાદેવ મંદિરમાંથી શિવલિંગની ચોરીઃ ભક્તોમાં ભારે રોષ

**મુખ્ય સમાચાર, દ્વારકા**

દ્વારકામાં મહાશિવરાત્રીના એક દિવસ પહેલાં જ શિવભક્તોની આસ્થા સાથે ચેડાં કરવામાં આવ્યાં છે. હર્ષદ દરિયાકિનારે આવેલાં ભીડભંજન મહાદેવ મંદિરમાંથી શિવલિંગ ગુમ થઈ જતાં ભક્તોમાં રોષ છે. હાલ પોલીસ અને જછઉ જવાનો મંદિરે પહોંચી તપાસ માટે ઘટનાસ્થળે પહોંચ્યા હતાં. તપાસ દરમિયાન દરિયાકાંઠેથી ખંડિત હાલતમાં શિવલિંગ મળી આવ્યું છે.




દ્વારકાના હર્ષદ દરિયાકાંઠે ભીડભંજન મહાદેવ મંદિરમાંથી શિવલિંગ ગુમ થઈ ગયું હોવાના સમાચાર સામે આવ્યા હતાં. મંદિરમાં પૂજા-અર્ચના કરનારા ભક્તો દ્વારા સમગ્ર મામલે પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસ અને જછઉ ના જવાનોએ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન દરિયાકાંઠેથી શિવલિંગ મળી આવ્યું છે. જોકે, શિવલિંગ મળ્યું ત્યારે તે ખંડિત હાલતમાં હતું, જેનાથી ભક્તોની લાગણીને ઠેસ પહોંચી છે. હાલ, મોટી સંખ્યામાં ભક્તો મંદિરે પહોંચી શિવલિંગને ખંડિત કરનાર અસામાજિક તત્ત્વો સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે. નોંધનીય છે કે, દોઢ વર્ષ પહેલાં રાજ્ય સરકાર દ્વારા આ વિસ્તારમાંથી અનેક ઘર અને દુકાનો દબાણ હેઠળ હોવાના કારણે દૂર કરવામાં આવ્યા હતાં. જોકે, તે સમયે આ મંદિરને તોડવામાં નહતું આવ્યું. લોકોની આસ્થા આ મંદિર સાથે જોડાયેલી હોવાથી શિવલિંગ ખંડિત થતાં તેમની ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચી છે. હાલ, પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી શિવલિંગ ખંડિત કરનારને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. તેમજ આ કૃત્ય કરવા પાછળનું કારણ પણ શોધવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

## કાલે મહાશિવરાત્રી : શિવભકિતના રંગે રંગાશે સમગ્ર સૌરાષ્ટ્ર - કચ્છ

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

મહાપર્વ આવતીકાલે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં સાધના આરાધના સાથે ઉજવાશે. શિવરાત્રીને દિવસે દ્વાપરયુગનો પ્રારંભ થયો હતો. તેમ માનવામાં આવે છે. તેમજ પ્રથમ જયોતિર્લિંગ પણ શિવરાત્રીને દિવસે પ્રગટ થયું હતું. સારા જહાં હૈ જીસકી શરણ મેં, નમન હૈ ઉસ શિવજી કે ચરણ મેં, બને ઉસ શિવજી કે ચરણ કી ધૂલ, આઓ મિલકર ચઢાયે હમ શ્રધ્ધા કે ફુલથ. આવતીકાલે મહાશિવરાત્રી સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં આવેલા શિવાલયોમાં હર હર મહાદેવ, બમ બમ ભોલેનો નાદ ગુંજી ઉઠશે. શિવ મહિમ્ન સ્ત્રોત, રૂદ્ર પુજા, મૃત્યુંજય જાપ-સ્તોત્ર, શિવલિંગ અભિષેક, બિલ્વ પૂજા થશે. શિવભકતો જીવને શિવમાં પરોવવામાં પુરૂષાર્થ કરશે. આવતીકાલે શિવ આરાધકો ઉપવાસ કરીને શ્રધ્ધા-ભકિત દર્શાવશે. કાલે મહાશિવરાત્રીના ઠેર ઠેર શિવ રથયાત્રાના આયોજનો કરાયા છે.

રાજકોટના સુપ્રસિધ્ધ સ્વયંભૂ શ્રી રામનાથ મહાદેવ, કાશી વિશ્વનાથ મહાદેવ, મહાકાલેશ્વર મહાદેવ, જાગનાથ મહાદેવ, ધારેશ્વર મહાદેવ સહિતના અન્ય શિવાલયોમાં વહેલી સવારથી ભકતોની ભીડ જોવા મળશે. ભાવિકો શિવલીંગ પર અભિષેક, બિલ્વ પૂજા સહિતના અનુષ્ઠાનો કરીને શિવભકિત કરશે.ભાવનગરના અતિ પૌરાણિક એવા કાશી વિશ્વનાથ મંદિર, રૂખડા મહાદેવ ખાતે ગાદીપતી મહંતશ્રી અર્જુનનાથજી બાપુ તથા ગુરૂ બ્રહ્મલીન સંતશ્રી રાજયોગી શ્રી દરીયાનાથજી બાપુનાં આશિર્વાદથી સ્વ. રમેશચંદ્ર જીવરાજભાઈ હરીયાણી (ઠક્કર) નાં સ્મરણાર્થે તા. ૨૬-૨ને બુધવાર સાંજે ૮ થી ૧૧ શિવ દરબાર તથા તા. ૨૭-૨ ને ગુરૂવાર સાંજે ૮ થી ૧૧ સંગીતમય



સુંદરકાંડ પાઠ સુંદરકાંડનાં પરમ સાધક ગોપાલભાઈ રાવલ નાં સુમધુર કંઠે રાખેલ છે.કાશી વિશ્વનાથ મંદિર, રૂખડા મહાદેવ, મનુભાઈ ગાંઠીયાવાળાની પાછળ, ડી.એસ.પી. ઓફીસની બાજુમાં, ભાવનગર ખાતે યોજનારા કાર્યક્રમમાં ધર્મ પ્રેમી જનતાને પધારવા જણાવાયું છે.ધ્રોલ ખાતે હિન્દુ સેના દ્વારા મહાશિવરાત્રી મહોત્સવ પ્રસંગે તા. ૨૬ના રોજ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ શોભાયાત્રા શહેરના સુપ્રસિધ્ધ તંબોલેશ્વર મહાદેવના મંદિર ખાતેથી બપોરે ૪ કલાકે પ્રસ્થાન કરાશે. આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થશે. આ પ્રસંગે હિન્દુ સેના તરફથી વેપારી મિત્રોને તેમના ધંધા રોજગાર બઃધ રાખીને આ પાવન શોભાયાત્રામાં જોડાઈને સનાતન ધર્મના આ પવિત્ર કાર્યમાં સહકાર આપવા અનુરોધ કરેલ છે. શોભાયાત્રા પૂર્ણ થયે તમામ ભકતો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

## અમેરિકાએ પાકિસ્તાનને આપ્યો મોટો ઝટકો

### રૂઝવેલ્ટ હોટેલને સ્થળાંતરિત આશ્રયસ્થાનમાં રૂપાંતરિત કરવા માટે ૨૨૦ મિલિયન ડોલરના સોદાને રદ કર્યો

**મુખ્ય સમાચાર,વોશીંગ્ટન**


અમેરિકાએ પાકિસ્તાનને મોટો ઝટકો આપ્યો છે. અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનાં કડક વલણના થોડા દિવસો બાદ ન્યૂયોર્ક સિટીએ પાકિસ્તાનની માલિકીની રૂઝવેલ્ટ હોટેલને સ્થળાંતરિત આશ્રયસ્થાનમાં રૂપાંતરિત કરવા માટે ૨૨૦ મિલિયન ડોલરના સોદાને રદ કર્યો છે.

આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે ટ્રમ્પ પ્રશાસન અને તેનાં સમર્થકોએ અમેરિકામાં ઈમિગ્રેશનને સરળ બનાવવા માટે અમેરિકન કરદાતાના પૈસાનાં ગેરકાયદેસર ઉપયોગ વિરુદ્ધ અભિયાન શરૂ કર્યું છે.

ન્યૂયોર્કના મેયર એરિક એડમ્સે ઈમિગ્રન્ટ્સને રાખવા માટે કુખ્યાત આ આશ્રયસ્થાનને બંધ કરવાની જાહેરાત કરી હતી. આ હોટલના ૧૦૧૫ રૂમમાં હજારો પ્રવાસી લોકોને ૨૦૦ ડોલર પ્રતિ રાતમાં રાખવામાં આવ્યાં હોવાનું કહેવાય છે.

રૂઝવેલ્ટ હોટલ શેલ્ટર એન્ડ ઈન્ટેક સેન્ટરને મે ૨૦૨૩ માં પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ સાથે ત્રણ વર્ષના ૨૨૦ મિલિયન ડોલરના સોદામાં ખોલવામાં આવ્યું હતું. તે આગમન કેન્દ્ર અને આશ્રય શોધનારાઓ માટે આશ્રયસ્થાન તરીકે સેવા આપવાનું હતું

પાકિસ્તાનની સરકારી કંપની પીઆઈએએ ૨૦૦૫ માં આ હોટલમાં સાઉદીનો હિસ્સો ૩.૬ કરોડ ડોલરમાં ખરીદ્યો હતો. આ રીતે આ હોટલની માલિકી પાકિસ્તાન સરકારની છે. ન્યૂયોર્ક પોસ્ટના અહેવાલ મુજબ,




વસાહતીઓની વધતી જતી સંખ્યાએ શહેરનાં અધિકારીઓને રૂઝવેલ્ટનો શહેરનાં આશ્રયસ્થાન તરીકે ઉપયોગ કરવાની પ્રેરણા આપી હતી. મે ૨૦૨૩ થી ફેબ્રુઆરી ૨૦૨૫ ની વચ્ચે, ૧૭૩૦૦૦ લોકોએ આ હોટલમાં રહ્યાં હતાં.


પરંતુ માઈગ્રન્ટ શેલ્ટરમાં ફેરવ્યાં બાદ આ હોટલને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. જમણેરી પાંખના લોકો અને કેટલાક ન્યૂયોર્કવાસીઓ પણ શરણાર્થીઓને હોટલની બહાર પડાવ નાખતાં જોઈને ગુસ્સે થયાં હતાં. ટ્રમ્પ અને તેમનાં સમર્થકોએ ડેમોક્રેટ્સ પર અમેરિકન કરદાતાઓના ભોગે લકઝરી હોટલોમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને રાખવાનો આરોપ લગાવ્યો છે.

# શનિવારી બજારમાં સેરવી લેવાયેલ મોબાઈલ ચોરને ગણતરીની કલાકોમાં દબોચી લેતી ટંકારા પોલીસ

**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારામાં લતીપર ચોકડી ખાતે ભરાતી શનીવારી બજારમાંથી ખેડૂત-યુવકના મોબાઈલ ફોન ચોરી કરનાર રીઢા ચોરને નંબર પ્લેટ વિનાના એકટીવા મોપેડ સાથે ગણતરીની કલાકોમાં પકડી લેવામાં આવ્યો છે, આ સાથે પોલીસે આરોપી પાસેથી ચોરી કરેલ મોબાઈલ પરત લઈ આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટંકારા પોલીસ મથકની સર્વેલન્સ ટીમ પોલીસ મથક સામે વાહન ચેકીંગમાં હતા. જે દરમિયાન ખાનગીરાહે હકિકત મળેલ કે, ટંકારા પોલીસ મથકમાં નોંધાયેલ ગુનામાં મોબાઈલ ફોન ચોરી કરનાર ઈસમ નંબર પ્લેટ વગરનુ એકટીવા મોપેડ ચલાવી રાજકોટ થી મોરબી તરફ જતો હોવાની હકિકત આધારે વોચમાં હોય તે દરમ્યાન એક ઈસમ નંબર પ્લેટ વગરના એકટીવા સાથે મળી આવતા જે એકટીવાની ડેકીમાં તપાસ કરતા ગ્રીન કલરનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન મળી આવતા જે ફોનના બીલ આધાર પુરાવા માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવ્યું હતું, જેથી પોકેટકોપ એપ્લીકેશનમાં મોબાઈલ ફોનના આઈ.એમ.ઈ.આઈ. નંબર સર્ચ કરી જોતા મોબાઈલ ફોન ચોરીમાં ગયેલ તે હોવાનુ સામે આવતા તુરંત આરોપી અશ્વિનભાઈ મગનભાઈ મકવાણા ઉવ.૩૬ રહે.હાલ રાજકોટ ભુતખાના ચોક વિજય પ્લોટ-૨૫



(અલ્પેશભાઈ જે.હાંડાના મકાનમાં) મુળગામ બાબરા મફતીયાપરા વાળાની અટકાયત કરવામાં આવી હતી, ત્યારે પકડાયેલ આરોપીની સઘન પૂછતાછમાં ગઈ તા.૨૨/૦૨ ના રોજ બપોરના સમયે ટંકારા લતીપર ચોકડીએ શનીવારી બજારમાં માણસોની ગીરદીનો લાભ લઈ મજુર વ્યકિતના ખીસ્સામાંથી મોબાઈલ ફોન ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી. વધુમાં પકડાયેલ આરોપી અશ્વિનભાઈ મગનભાઈ મકવાણા દિવસ દરમ્યાન રાજકોટ, ટંકારા, ખાતે ભરાતી બજારોમાં આટા ફેરા કરી ગીરદીનો લાભ લઈ મજુર વ્યકિતના ખીસ્સામાંથી મોબાઈલ ફોન ચોરી કરવાની ટેવ વાળો છે. હાલ પોલીસે આરોપી પાસેથી રિયલમી કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કી.રૂ. ૮,૫૦૦/-, નંબર પ્લેટ વગરનુ એકટીવા મોપેડ કિ.રૂ. ૨૫,૦૦૦/- સહિતનો મુદ્દામાલ કબ્જે લઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં એસ.ટી. દ્વારા બંધ કરાયેલ રૂટ વિદ્યાર્થીઓના હિતમાં પુનઃ ચાલુ કરવા માંગ

## વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ અંગે તાત્કાલિક કાર્યવાહી કરવા એબીબીપી દ્વારા મોરબી ડેપો મેનેજરને લેખિત રજુઆત





અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા મોરબી એસ.ટી. ડેપો મેનેજરને લેખિત રજુઆત કરવામાં આવી છે, જેમાં વિદ્યાર્થીઓને અવારનવાર પડતી મુશ્કેલીઓ અંગે મોરબી એબીવીપી દ્વારા રજુઆતમાં ખાસ કરીને શારદાનગર અને ધૂળકોટ રૂટની એસ.ટી. બસ સેવા ફરીથી શરૂકરવાની માંગ કરવામાં આવી છે. એબીવીપી મોરબીના નગર મંત્રી મુગ્ધરાજસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, અગાઉ પણ વિદ્યાર્થીઓ તરફથી બસ અનિયમિતતા અને બંધ કરાયેલા રૂટ અંગે અનેક વખત રજુઆત કરવામાં આવી હતી, પરંતુ હજી સુધી કોઈ સમાધાન આવ્યું નથી. શારદાનગર અને ધૂળકોટ જેવા વિસ્તારોના અનેક વિદ્યાર્થીઓને રોજિંદા જવા-આવવામાં મુશ્કેલી પડે છે, જેના કારણે તેમના શિક્ષણ પર પ્રત્યક્ષ અસર પડે છે. એબીવીપી મોરબી દ્વારા એ પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે કે જો વિદ્યાર્થી હિતમાં બંધ થયેલ રૂટની બસ સેવા વહેલી તકે પુનઃ શરૂ નહીં થાય, તો વિદ્યાર્થીઓને સાથે રાખી ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# જામનગરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના ૧૧માં પાટોત્સવની કરાઈ ઉજવણી





જામનગરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના ૧૧ મા પાટોત્સવની કરાઈ.ઉજવણી. સૌરાષ્ટ્રના સંતો અને હરિભકતોની ઉપસ્થિતિમાં યોજાયો ધર્મોત્સવ.જામનગરમાં ખંભાળિયા હાઈ-વે પર આવેલ તથા પ.પૂ. મહંત સ્વામી મહારાજ નિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો ૧૧ મો પાટોત્સવ મહાવદ અષ્ટમીના ઉજવવામાં આવ્યો હતો. સ્વામિનારાયણના સ્થાનિક સંતો ઉપરાંત ભાદરા, રાજકોટ, ગોંડલ, જૂનાગઢ, સુરેન્દ્રનગર, લીંબડી, મોરબી સહિતથી પધારેલા સંતો દ્વારા પ્રતિષ્ઠિત મૂર્તિઓનો અભિષેક કરવામાં આવ્યો હતો. પાટોત્સવ મહાપૂજા તથા પાટોત્સવ સભામાં હજારો હરિભક્તો જોડાયા હતાં. ઉત્સવની પૂર્ણાહુતિ કુલ ૭ હજાર ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# જામનગર જિલ્લાના ૯૯,૭૦૩ ખેડૂતોના બેન્ક ખાતામાં પી.એમ.કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત રૂ.૨૨.૯૧ કરોડની સહાય ચૂકવાઈ

## જામનગર જિલ્લા પંચાયત પ્રમુખ મયબેન ગરસરના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાના કિસાન સન્માન સમારોહનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાના ૯૯,૭૦૩ ખેડૂતોના બેન્ક ખાતામાં પી.એમ.કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત રૂ.૨૨.૯૧ કરોડની સહાય ચૂકવાઈ.બિહારના ભાગલપુર ખાતેથી વર્ચ્યુઅલ ઉપસ્થિત રહેલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પી.એમ.કિસાન સન્માન નિધિ યોજનાના ૧૯ માં હપ્તાનું વિતરણ કર્યું.ગાંધીનગરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કૃષિ પ્રગતિ પકમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર વેબ પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશનનું ઈ-લોકાર્પણ તથા તુવેર ખરીદીનો શુભારંભ કરાવાયો.જામનગર. જિલ્લા પંચાયત પ્રમુખ મયબેન ગરસરના અધ્યક્ષ સ્થાને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જામનગર ખાતે જિલ્લા કક્ષાના કિસાન સન્માન સમારોહનું આયોજન કરાયું હતું.જેમાં બિહારના ભાગલપુર ખાતેથી વર્ચ્યુઅલ ઉપસ્થિત રહેલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પી.એમ.કિસાન નિધિ યોજનાના ૧૯





માં હપ્તા સ્વરૂપે ડી.બી ટી. માધ્યમથી સહાય રકમનું વિતરણ કરાયું હતું જ્યારે ગાંધીનગર ખાતેથી કાર્યક્રમમાં જોડાયેલ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કૃષિ પ્રગતિ પકમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર વેબ પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશનનું ઈ-લોકાર્પણ તથા તુવેર ખરીદીનો શુભારંભ કરાવાયો હતો.આ પ્રસંગે જામનગર જિલ્લાના ૯૯,૭૦૩ ખેડૂતોને ૨૨.૯૧ કરોડની સહાય તેમના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવી હતી.આ પ્રસંગે જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ હસમુખભાઈ કણઝારીયાએ જણાવ્યું હતું કે ખેડૂતોને વિવિધ કૃષિલક્ષી લાભો ઘર આંગણે જ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં કિસાન સન્માન સમારોહનું આયોજન હાથ ધરાયુ છે.દેશના ખેડૂતોને મળતી વિવિધ સરકારી સહાય અને લાભો ખેડૂતો સુધી સરળતાથી પહોંચે તેવું નક્કર આયોજન સરકાર દ્વારા ઘડવામાં આવ્યું છે.જેના પરિણામરૂપે આજે સહાયની પ્રક્રિયા ઝડપી અને પારદર્શી બની છે.અને તમામ પ્રકારની સહાય સીધી જ ખેડૂતોના બેન્ક ખાતામાં જમા થઈ રહી છે.આ સમારોહમાં પીએમ કિસાન સન્માન નિધિની સાથે જામનગર જિલ્લાના કોલ્ડ સ્ટોરેજ, પાક સંગ્રહ સ્ટ્રક્ચર, પાવર થ્રેસર, ટ્રેકટર, રોટાવેટર, પ્લાઉ, ઓરણી સહિતની યોજનાના ખેડૂત લાભાર્થીઓને પણ રૂ.૬૬.૬૭ લાખથી વધુની સહાયનું વિતરણ કરાયુ હતું.તેમજ કાર્યક્રમ સ્થળે જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા ૧૩ જેટલા સ્ટોલનું નિર્માણ કરાયું હતું જેના માધ્યમથી ખેડૂતોએ પ્રગતિશીલ ખેડૂતોના પ્રાકૃતિક ઉત્પાદનો, બિયારણ વિતરણ તથા યોજનાકીય માહિતી, કૃષિ પ્રદર્શન, કૃષિ પેદાશ અને તેની મૂલ્યવૃદ્ધિ વગેરે બાબતોની તલસ્પર્શી માહિતી મેળવી હતી.આ પ્રસંગે જિલ્લા કલેકટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, શહેર પ્રાંત અધિકારી પરમાર, કૃષિ વૈજ્ઞાનિક કે.પી.બારૈયા, જિલ્લા ખેતીવાડી અધિકારી આર.એસ.ગોહિલ, નાયબ ખેતી નિયામક બી.એમ.આગઠ, નાયબ બાગાયત નિયામક કાતરિયા, આત્માના પ્રોજેકટ ડાયરેક્ટર કેતન ઠક્કર, મદદનીશ ખેતી નિયામક જે.જી.પટેલ, એમ.એન.પ્રજાપતિ, વિપુલ નાદપરા સહિત બહોળી સંખ્યામાં ખેડૂત ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# મહારાષ્ટ્રના વેપારી દંપતીએ ચેક રિટર્ન કેસમાં વોરંટ મળતા રૂપિયા ચૂકવી દીધા

## રાજકોટની પેઢીને ચુકવણી માટે આપેલા ચેકો પરત ફરતા ફરિયાદ નોંધાઈ તી

રાજકોટના લોઠડા ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં પ્રિતેશભાઈ જયસુખભાઈ બાબરીયા પમહાદેવ કાસ્ટીંગથના નામથી પાર્ટનર દરજજે ફાયર સેફટી ઈકવીપમેન્ટની વસ્તુઓ બનાવવાનો વ્યવસાય કરે છે. જયારે આરોપીઓ રાકેશ પ્રેમલાલ ભટ્ટ અને ઉષા રાકેશ ભટ્ટ મહારાષ્ટ્ર ખાતે ગ્લોબલ આઈ કેટચ્ચરના નામથી ધંધો કરતા હોય ફરીયાદી પાસેથી ફાયર સેફટી ઈકવીપમેન્ટના માલની ખરીદી કરેલીજે માલનું બાકી રહેતુ પેમેન્ટ રૂ.૪૧,૪૦,૧૪૬ ચુકવવા માટે અલગ અલગ રકમના ચેક આપેલા હતા જે તમામ ચેક રિટર્ન થતા ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ આરોપીઓ અને ગ્લોબલ આઈ કેટચ્ચર ના માલીકો રાકેશ પ્રેમલાલ ભટ્ટ અને ઉષા રાકેશ ભટ્ટ સામે કોર્ટમાં ફોજદારી ફરીયાદ દાખલ કરતા કોર્ટે બંન્ને આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કર્યા બાદ હાજર ન થતા બંન્ને આરોપીઓ સામે વોરંટ ઈસ્યુ કરેલ હતા જે વોરંટ થાણા પોલીસ કમીશ્નરને મોકલતા આરોપીઓએ તમામ ચેક મુજબની રકમ રૂ.૪૧,૪૦,૧૪૬ બેંક મારફત ચુકવી આપેલ છે. આ કેસમાં ફરીયાદી પેઢી તરફે વકીલ અતુલ સી. ફળદુ, અજય કે. જાધવ અને ચાર્મી કે. પંડયા રોકાયા હતા.

# સાથણીમાં આપેલ ૪ એકર જમીનમાં શરતભંગ થતા ખાલસા કરવા કલેક્ટરનો હુકમ

## લોધીકાના દેવળા ગામના ચાર આસામીઓને ૧૯૬૭માં જમીન ફાળવાઈ હતીઃ અપીલ કેસમાં આસી. કલેક્ટરના ચૂકાદાને ગ્રાહ્ય રખાયો

લોધીકાના દેવળા ગામે ૧૯૬૭માં ચાર આસામીઓને ખેતી હેતુ માટે ફાળવવામાં આવેલ સાથણીની ચાર એકર જમીનમાં શરતભંગ થતા અપીલ કેસ કલેક્ટરની કોર્ટમાં ચાલતા આસામી દ્વારા શરતભંગ સાબિત માની જમીન ખાલસા કરવાનો હુકમ જિલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવ્યો છે.દેવળા ગામની સર્વે નં.૧૬૩ની ચાર એકર જમીન સ્વ. નાથાભાઈ હરજીભાઈ રાખસીયા, સ્વ. કાનજીભાઈ નાજાભાઈ રાખસીયા ખીમજીભાઈ નાજાભાઈ રાખસીયા અને અરજણભાઈ નાજાભાઈ રાખસીયાને ખેતી હેતુ માટે સાથણીની નવી અને અવિભાજ્ય જમીન શરતોને આધીન કુટુંબના ભરણપોષણ માટે ફાળવવામાં આવી હતી. બાદમાં આ જમીનમાં શરતભંગ કરાયો હોવાની ફરિયાદ આસી.કલેક્ટર સમક્ષ ૧૯૯૨માં કરવામાં આવી હતી. તેના આધારે કેસ ચલાવવામાં આવતા શરતભંગ સાબિત માની જમીન ખાલસા કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની સામે આસામીઓએ કલેક્ટરમાં અપીલ કરી હતી. તે કેસ તાજેતરમાં ચાલી જતા અરજદારોએ રજૂ કરેલ કારણો કલેક્ટરે ફગાવી દઈ આસી. કલેક્ટરના ચૂકાદાને ગ્રાહ્ય રાખી જમીન ખાલસા કરવાનો હુકમ કર્યો છે.

# મોરબીમાં યુવકને મારવા મજબુર કરનાર સાસુ-સાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

મોરબીમાં વીસીપરા સૌરાષ્ટ્રનળીયાના કારખાનાની ઓરડીમાં રહેતા મૂળ ધ્રાંગધ્રા તાલુકાના રાજચરડી ગામના યુવકની પત્ની રીસામણે હોય જેથી અવાર નવાર તેડવા જતા સાસરી પક્ષવાળા તેને મોકલતા ન હોય અને ખોટી ચડામણી કરી માનસિક ત્રાસ આપતા હોય તે દરમિયાન મોબાઈલ ફોનમાં તેના સાળા અને સાસુ બીભત્સ ગાળો આપી ડરાવતા, ધમકાવતા યુવકને મરવા મજબુર કર્યો હોય, ત્યારે સમગ્ર બનાવ મામલે યુવકની માતા દ્વારા બંને આરોપી વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ સુ.નગર જીલ્લાના રાજચરડી ગામના વતની હાલ મોરબી વીસીપરા વિસ્તારમાં આવેલ સૌરાષ્ટ્ર ટાઈલ્સ નામના નળીયાના કારખાનાની ઓરડીમાં રહેતા ગીતાબેન કાંતીભાઈ દેવજીભાઈ સોલંકી ઉવ.૪૫ એ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી દેવાભાઈ જગદીશભાઈ ડાભી તથા હંસાબેન જગદીશભાઈ ડાભી રહે.બંને-શક્તિપરા હસનપર તા.વાંકાનેરવાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ફરીયાદીના દિકરા રાજેશભાઈના લગ્ન આરોપી હંસાબેનની દિકરી પુજાબેન સાથે દોઢેક વર્ષથી થયેલા હોય ત્યારે પૂજબેન હાલમા તેના પિયર માતાપિતાના ઘેર રીસામણે હોય, બીજીબાજુ રાજેશભાઈ અવાર નવાર તેડવા જવા છતા પુજાબેનને સાસરીમાં મોકલતા ન હોય અને પૂજબેનની ખોટી ચડામણી કરી બીજુ મકાન લેવા માટે દબાણ કરી મરણ જનાર રાજેશભાઈને ખોટી રીતે ટોર્ચર કરી હેરાન પરેશાન કરતા હોય, આ દરમિયાન મોબાઈલ ફોન દ્વારા રાજેશભાઈના સાળા આરોપી દેવાભાઈએ તથા તેના સાસુ આરોપી હંસાબેનએ બિભત્સ ગાળો આપી ધમકાવી ડરાવી મરવા મજબુર કરતા રાજેશભાઈએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે સમગ્ર બનાવ મામલે પોલીસે મૃતકના સાળા-સાસુ બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે.

# મોરબીના નવ વર્ષીય યશરાજસિંહનું સ્થાનિક અંડર-૧૪ ક્રિકેટ મેચમાં શાનદાર પ્રદર્શન

## મોરબીના ગ્રીન પાર્ક ક્રિકેટ ગ્રાઉન્ડમાં સગીર વયનો ખેલાડી ઝળહળતા પ્રદર્શન સાથે મેન ઓફ ધ મેચ બન્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના ગ્રીન પાર્ક ક્રિકેટ ગ્રાઉન્ડમાં યોજાયેલી અંડર-૧૪ એક-દિવસીય ક્રિકેટ મેચમાં ફક્ત ૯ વર્ષની ઉંમરના યશરાજસિંહ ઝાલાએ ધમાકેદાર બેટિંગ અને બોલિંગ પ્રદર્શન કર્યું હતું.

તેણે ફક્ત ૮૧ બોલમાં ૧૧૧ રન ફટકારી ૧૫ ચોગ્ગા માર્યા, તેમજ બોલિંગમાં ૭ ઓવરમાં ૧૨ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી. તેના આ શાનદાર પ્રદર્શન બદલ તેને પમેન ઓફ ધ મેચથના ખિતાબથી નવાજવામાં આવ્યો હતો. મોરબીમાં તા.૨૩ ફેબ્રુઆરીને રવિવારના રોજ ગ્રીન પાર્ક ક્રિકેટ ગ્રાઉન્ડમાં અંડર-૧૪થ ની વયજૂથમાં એક-દિવસીય ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું તે દરમિયાન એક નાનો એવો રમતવીર કે જેની ઉંમર ફક્ત નવ વર્ષની જ હોવા છતાં પણ તે તેનાથી મોટી વયજૂથના ખેલાડીઓ સાથે મેદાનમાં ઉતરી ખૂબ જ શાનદાર અને જળહળતું પ્રદર્શન કરી બતાવેલ છે, તેણે પોતાની બેટિંગ દરમિયાન ફક્ત ૮૧ બોલમાં ૧૫ ચોગ્ગાની મદદથી ૧૧૧ રન ફટકાર્યા હતા, આ ઉપરાંત તેણે પોતાની બોલિંગમાં પણ ૭ ઓવરમાં માત્ર ૧૨ રન આપીને મહત્વની ૩ વિકેટ્સ પણ ચટકાવી હતી, અને પોતાની ટીમને જંગીજીત આપવામાં મહત્વનો ફાળો આપ્યો હતો, તે માટે તેને પમેન ઓફ ધ મેચથ ના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યો હતો. આ નાના રમતવીરનું નામ યશરાજસિંહ અરવિંદસિંહ ઝાલા છે, જે હાલમાં મોરબીમાં આવેલી ધ રોર ક્રિકેટ



ક્લબસ્સ્ત્ર માં તાલીમ મેળવી રહ્યો છે, આ નાના રમતવીરની એવી ઈચ્છા છે કે ભવિષ્યમાં તે પોતે ભારતની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમનું નેતૃત્વ કરી મોરબી અને દેશનું નામ રોશન કરે, આ માટે તેના ક્રિકેટ કોચ મનદીપ સર અને અલી સરે તેને હાર્દિક અભિનંદન આપ્યા છે અને ખૂબ સારી શુભેચ્છાઓ પણ પાઠવી છે.

# જામનગર જેલમાંથી ચાર કેદીઓની મુક્તિ



જામનગર જેલમાંથી ચાર કેદીઓની મુક્તિ.આજીવન કેદની સજામાંથી ૧૪ વર્ષની સજા પૂરી કરનાર કેદીઓને સારી વર્તણૂકના કારણે આઝાદી મળી જામનગર જિલ્લા જેલમાંથી ચાર કેદીઓને મુક્ત કરવામાં આવ્યાં છે. આ કેદીઓએ આજીવન કેદની સજામાંથી ૧૪ વર્ષ પૂર્ણ કર્યા છે. તેમની સારી વર્તણૂકને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઈન્સપેક્ટર જનરલ ડો. કે.એલ.એન.રાવના પ્રયત્નોથી આ કેદીઓને વહેલી માફી મળી છે. ગુજરાત સરકારના ગૃહ વિભાગના આદેશ અનુસાર, અલી હારૂનભાઈ ગંઢાર, બચુ હારૂનભાઈ ગંઢાર, ઈબ્રાહીમ કાસમભાઈ ગંઢાર અને આમીન હાસમભાઈ ભગાડને બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ ૪૭૩ હેઠળ બાકીની સજા માફ કરવામાં આવી છે.જેલ પ્રશાસને આ કેદીઓના જેલ જીવનના અનુભવોનું રેકોર્ડિંગ કર્યું છે. તેમને ફલહાર પહેરાવી મોં મીઠું કરાવવામાં આવ્યું છે. વધુમાં, તેમને ધાર્મિક પુસ્તકો અને પોસ્ટ પાસબુક આપવામાં આવી છે. જેલ પ્રશાસને તેમના સમાજમાં પુનઃસ્થાપન માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# ગંજીપાના વડે જુગાર રમતા પાંચ પરપ્રાંતીય પકડાયા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના દરેડ-મસીતીયા રોડ પર ગંજીપાના વડે જુગાર રમતા પાંચ પરપ્રાંતીય શખ્સને પોલીસે પકડી પાડ્યા હતા. પટમાંથી રૂ.૧૧,૬૪૦ કબજે કરાયા હતા. જ્યારે જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર વર્લીનું બેટીંગ લેતા બે શખ્સ મળી આવ્યા હતા.જામનગર નજીકના દરેડ ગામથી મસીતીયા તરફ જવાના રોડ પર તીનપત્તી રમતા ઈકરાર મોહ ઈર્શાદખાન, તાબીસ નિશાર અહેમદ અંસારી, દાનીશ રઈશ અહેમદ ઉસ્માની, આમીર તસ્બરખાન, અરસુ મહંમદ મોહંમદ અંસારી નામના પાંચ શખ્સ પોલીસના દરોડામાં ઝડપાઈ ગયા હતા. પટમાંથી રૂ.૧૧,૬૪૦ રોકડા કબજે કરવામાં આવ્યા છે.



જામનગરના હાપા નજીક આવેલી રોયલ હોટલ પાસે એક દીવાલ નજીક કનૈયાલાલ જમનાદાસ દેવાણી નામનો શખ્સ વરલી-મટકાના આંકડા લખતો મળી આવ્યો હતો. જ્યારે જામનગર-રાજકોટ હાઈવે પર આવેલા એક રેસ્ટોરન્ટની સામેના પ્લોટમાં ઊભા રહીને વરલીનું બેટિંગ લેતા વિનુભાઈ અરજણભાઈ કણેજા નામના શખ્સને પોલીસે પકડી લીધો હતો. બંને શખ્સના કબજામાંથી વર્લીના આંકડા લખેલી ચિઠ્ઠી, રોકડ પોલીસે કબજે કરી ગુન્હો નોંધ્યો છે.

# પ્રતિબંધિત જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર ખનનની પ્રવૃત્તિ પર તંત્રની રેડ

- ગેરકાયદેસર ખનન બાબતે રૂ. ૫૫.૪૭ કરોડનો દંડ વસૂલવા નિયમ અનુસારની કાર્યવાહી હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર ઊના**
**અબ્દુલ પઠાણ**



કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના સીધા માર્ગદર્શન હેઠળ રેવન્યૂ વિભાગ તથા ખાણ અને ખનીજ કચેરીની સંયુક્ત ટીમ દ્વારા કોડિનાર તાલુકાના અરિઠિયા ગામના સર્વે નં ૪૫ પૈકી વાળી સરકારી જમીનમાં ૦૦.૯૦.૦૦ હેક્ટર વિસ્તારમાં બ્લેક્ટ્રેપ ખનીજની મારુતી સ્ટોન ક્રશર ભ/જ્ઞ રાજુભાઈ હમીરભાઈ સોલંકી અને ધનશ્યામભાઈ દીપસિંહ સોલંકી નામની ક્વોરી લીઝની આજે ટીમ દ્વારા તપાસ કરી માપણી કરવામાં આવી હતી.


આ લીઝનો ઈકો સેન્સિટીવ ઝોન (ઊજણ) માં સમાવેશ થતો હોઈ, સદર લીઝનું ઓનલાઈન એકાઉન્ટ વર્ષ ૨૦૧૭ થી લોક કરવામાં આવેલ છે. છતાં, પ્રતિબંધિત જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર ખનનની પ્રવૃત્તિ કરવામાં આવતી હોઈ તપાસ અન્વયે સવાલવાળા વિસ્તારમાંથી ૧,૨૨,૩૯૩ મે.ટન જથ્થો વધુ ગેરકાયદેસર રીતે નિકાસ કરવામાં આવેલ હોવાનું તપાસમાં જણાઈ આવેલ છે.

આ લીઝમાં થયેલ ગેરકાયદેસર ખનન બાબતે કુલ રૂ. ૫૫,૪૭,૯૪,૯૮૪ જેટલી દંડની રકમ વસૂલવા બાબતે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કુંભમાંથી સ્નાન કરી પરત ફરતા રાજકોટના કારખાનેદારનું નાથદ્વારામાં એટેકથી મૃત્યુ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના એક કારખાનેદારે કુંભમાં ધર્મપત્નિ, વેવાઇ, વેવાણ સાથે સ્નાન કર્યા બાદ પરત રાજકોટ આવતાં હતાં ત્યારે શ્રીનાથદ્વારા ખાતે રોકાણ કર્યુ તે દરમિયાન તેમનું હાર્ટએટેકથી મૃત્યુ થતાં પરિવારજનોમાં શોક છવાઇ ગયો હતો. જાવણા મળ્યા મુજબ કોઠારીયા રોડ પર નંદા હોલ નજીક જુના સુભાષનગર-૬ નવનીત હોલ પાછળ રહેતાં પ્રવિણસિંહ નારૂભા પઢીયાર (ઉ.વ.૬૪) નામના ગુર્જર રાજપૂત કારખાનેદાર પ્રયાગરાજ ખાતે કુંભ સ્નાન કરી પરત રાજકોટ આવવા નીકળ્યા ત્યારે ગત રાતે શ્રીનાથદ્વારા ખાતે રોકાણ વખતે હાર્ટએટેક આવી જતાં મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.



જાણવા મળ્યા મુજબ જુના સુભાષનગરમાં પ્રવિણસિંહ પઢીયાર ગયા બુધવારે પોતાના ધર્મપત્નિ નનકુબા, વેવાઇ સિધ્ધરાજસિંહ પરમાર, વેવાણ નીતાબા સાથે પોતાની કારમાં પ્રયાગરાજ કુંભ સ્નાન કરવા ગયા હતાં. સ્નાન કરી ચારેય ત્યાંથી ગઇકાલે પરત આવતી વખતે શ્રીનાથદ્વારા પટેલ સમાજ ખાતે રોકાયા હતાં. આજે સવારે તેઓ પરત રાજકોટ આવવા નીકળવાના હતાં. રાતે નવેક વાગ્યે રાજકોટ પરિવારજનો સાથે વાત પણ કરી હતી. એ પછી અચાનક બેભાન થઇ ઢળી પડતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તબિબે મૃત જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

બનાવને પગલે પટેલ સમાજમાં જ રોકાયેલા અને કુંભ સ્નાન કરી પરત આવી રહેલા રાજકોટના સેવાભાવી માલધારી સમાજના આગેવાન રાજુભાઇ ઝુંઝા, ચનાભાઇ ગોહેલ, મછાભાઇ ગોહેલ સહિતના મદદે દોડી ગયા હતાં. મૃતકના પરિવારજનોએ મદદરૂપ થયા હતાં અને મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવડાવી, એમ્બ્યુલન્સ સહિતની વ્યવસ્થા કરાવી મદદરૂપ થયા હતાં.

મૃત્યુ પામનાર પ્રવિણસિંહ પઢીયાર ચાર ભાઇમાં ત્રીજા હતાં અને અટીકામાં વોચકેસનું કારખાનુ ચલાવતાં હતાં. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. બનાવને પગલે પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

# લાઠીથી લગ્નપ્રસંગે જવા નીકળેલા પિતા-પુત્રી, ભાણેજને બોલેરોએ ઠોકરે લેતા મોત

## બાઇક પર સવાર થઇને જતા હતા ત્યાં બોલેરો કાળ બનીને ત્રાટક્યુઃ પરિવારમાં કલ્પાંત સર્જાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

લાઠીમા રહેતો યુવાન પોતાની ૧૫ વર્ષની પુત્રી અને ૮ વર્ષની ભાણેજને બાઇકમા બેસાડી ખાખરીયા ગામે લગ્ન પ્રસંગમા જતો હતો ત્યારે ખાખરીયા ચોકડી પાસે બોલેરો પીકઅપ ચાલકે બાઈકને ઠોકરે ચડાવતા બાઇક સવાર પિતા-પુત્રી અને ભાણેજ રોડ પર ફંગોળાયા હતા અકસ્માતમા ગંભીર રીતે ઘવાયેલા પિતા-પુત્રીના ઘટના સ્થળે કરૂણ મોત નીપજયા હતા. જયારે માસુમ ભાણેજનુ સારવારમા મોત નીપજતા પરીવારમા કાળો કલ્પાંત સર્જાયો હતો. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ અમરેલીનાં લાઠી ગામે રહેતા વિજયભાઈ વલ્લભભાઇ નાગરુડકીયા(ઉ.વ. ૪૦) શ્રધ્ધાબેન વિજયભાઈ નાડુકીયા (ઉ.વ. ૧૭) અને વિજયભાઈની ભાણેજ કૃપાલીબેન નરેશભાઈ સોલંકી (ઉ.વ.૭) બાઇક લઈને બાબરાનાં ખાખરીયા ગામ પાસેથી પસાર થઈ રહયા હતા. ત્યારે પુરપાટ ઝડપે ધસી આવેલા બોલેરો પીકઅપનાં ચાલકે બાઈકને ઠોકરે ચડાવતા બાઇક સવાર પિતા-પુત્રી અને ભાણેજ રોડ પર દડાની માફક ફંગોળાયા હતા અકસ્માતમા ગંભીર રીતે ઘવાયેલા વિજયભાઈ નાગરુડકીયાનુ ઘટના સ્થળે જ મોત નીપજયુ હતુ જયારે ગંભીર રીતે ઘવાયેલી તેમની પુત્રી શ્રધ્ધાબેન નાગરુડકીયા અને ભાણેજ કૃપાલીબેન સોલંકીને સારવાર માટે બાબરા હોસ્પીટલે ખસેડાયા હતા. જયા શ્રધ્ધાબેન નાગરુડકીયાએ સારવાર મળે તે પુર્વે જ દમ તોડી દીધો હતો જયારે ગંભીર રીતે ઘવાયેલી કૃપાલીબેન સોલંકીને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પીટલમાં ખસેડવામા આવી હતી. જયા માસુમ બાળકીનુ પણ મોત નીપજયુ હતુ. પિતા પુત્રી અને ભાણેજનાં મોતથી પરીવારમા અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમીક પુછપરછમા મૃતક વિજયભાઈ નાગરુડકીયા પાંચ બહેનોનાં એકનાં એક ભાઈ હતા અને તેમને સંતાનમા એક પુત્ર અને ૩ પુત્રી છે. મૃતક શ્રધ્ધાબેન નાગરુડકીયા ચાર ભાઈ બહેનમા વચેટ હતી અને ધો ૯ મા અભ્યાસ કરતી હતી જયારે કૃપાલીબેન સોલંકી એક ભાઈ ૩ બહેનમા વચેટ હતી અને ધો. ૩ મા અભ્યાસ કરતી હતી. વિજયભાઈ નાગરુડકીયા પુત્રી શ્રધ્ધાબેન અને ભાણેજને બાઇકમા બેસાડી ખાખરીયા ગામે ફઈની દીકરીનાં લગ્નમા જઈ રહયા હતા ત્યારે જીવલેણ અકસ્માત નડયો હોવાનુ જાણવા મળ્યુ છે આ બનાવ અંગે બાબરા પોલીસે નોંધ કરી અકસ્માત સર્જનાર બોલેરો પીકઅપનાં ચાલકને ઝડપી લીધો છે.



# મેટોડા જીઆઈડીસીમાં પ્લાસ્ટીક્ના કારખાનામાં ભીષણ આગઃ લાખોનું નુકશાન

## પ્લાસ્ટીક પ્રોડક્ટ બનાવતી કંપનીમાં લાગેલી આગ બુઝાવવા ૫ ફાયર ફાયટર દ્વારા પ્રયાસઃ મોડી રાત સુધી આગના લબકારા યથાવત રહેતા ટોળા ઉમટ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મેટોડા જીઆઈડીસીમાં ટુંકા સમયમાં ત્રીજી આગ ભભુકતા ઉદ્યોગકારોમાં ચિંતાનું મોજું ફરિ વળ્યું છે. ત્યારે ગેઈટ નં ૧માં આવેલ કંપનીની સામે જ આવેલા ખુલ્લા સ્ટોરેજમાં પડેલા કાચા અને તૈયાર મટીરીયલ ઉપરાંત વેસ્ટ માલમાં આગ ભભુકતા મેટોડા-રાજકોટની પાંચ બ્રિગેડની ગાડીઓ દોડી ગઈ હતી. મેટોડા ગેઈટ નં ૧માં આવેલ કંપનીમાં સામે આવેલા ખુલ્લા પ્લોટમાં સ્ટોરેજમાં પડેલા કાચા અને તૈયાર મટીરીયલ ઉપરાંત વેસ્ટ માલમાં કોઈ કારણોસર આગ ભભુકી હતી. બનાવના પગલે મેટોડા ફાયર બ્રિગેડનો સ્ટાફ દોડી ગયો હતો.પરંતુ આગે ટુંક સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા રાજકોટ ફાયર બ્રિગેડનો સ્ટાફ ૩ ગાડીઓ સાથે દોડી જઈ પાણીનો મારો ચલાવી મોડીરાત સુધી આગ પર કાબુ મેળવવા પ્રયાસ હાથ ધર્યો હતો.બનાવના પગલે લોકોના ટોળા આગ જોવા ઉમટયા હતા.પરંતુ બનાવની જાણ થતા જ મેટોડા પોલીસ મથકનો સ્ટાફ દોડી જઈ એકઠા થયેલા ટોળાને વિખેર્યા હતા.જો કે ફાયર ફાયટરોએ મોડીરાત સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. ટુંકાગાળામાં મેટોડાની ત્રીજી કંપનીમાં આગ ભભુકતા ઉદ્યોગકારોમાં ચિંતાનું મોજું ફરિ વળ્યું છે.





# હરિયાણાથી બે ટ્રકમાં પોરબંદર જતો દારૂનો જથ્થો બામણબોર પાસે પકડાયો

## હરિયાણાથી ચોખા-બટેટાની ગુણી નીચે છુપાવી દારૂ ભરેલા બન્ને ટ્રકને કારનું હતું પાયલોટિંગઃ ચારની ધરપકડ કરી પોલીસે ૬૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હોળી-ધૂળેટીનો તહેવાર નજીક આવતાં જ બૂટલેગરોએ સક્રિય થઈને દારૂનો મોટો જથ્થો ઉતારવાનું શરૂ કરી દીધું છે. આવો જ દારૂનો એક જથ્થો હરિયાણાથી બે ટ્રૂકમાં ભરાઈને રાજકોટ પાસેથી પસાર થવાનો હોવાની બાતમી મળતાં જ ઝોન-૧ એલસીબી ટીમે અમદાવાદ-રાજકોટ હાઈ-વે પર બામણબોર પોલીસ ચેકપોસ્ટ નજીક વોચ ગોઠવી હતી. જો કે અગાઉથી અહીં ટીમ ઉભી હોવાની જાણ ટ્રકચાલકો કે તેને પાયલોટિંગ કરી રહેલી બે કારના ચાલકોને ન થઈ જાય તે માટે જેવી કાર અને ટ્રક નજીક આવ્યા કે પોલીસે રસ્તા પર ટ્રાફિકજામ કરાવી દેતાં કોઈને ભાગવાની તક મળી ન્હોતી અને દારૂ ભરેલા બે ટ્રક તેમજ પાયલોટિંગ કરી રહેલી કારના ચાલક મળી ચાર લોકો પકડાઈ ગયા હતા. ઝોન-૧ એલસીબી પીએસઆઈ બી.વી. ચુડાસમા, એએસઆઈ મનરૂપગીરી ગોસ્વામી, કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ જાડેજા, રવિરાજ પટગીર, સત્યજીતસિંહ જાડેજા સહિતની ટીમે ઉપરોક્ત સ્થળેથી ટ્રક નં.જીજે૧૦-ઝેડ-૯૮૨૧ને અટકાવીને તલાશી લેતામાં તેમાં બટેટાની ગુણીઓ ભરેલી જોવા મળી હતી. ગુણીઓ હટાવતાં જ નીચેથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જ્યારે બીજો ટ્રક નં.જીજે૧૦-બીવી-૫૭૯૨ની તલાશી લેતામાં તેમાં ચોખાની ગુણીઓ નીચે દારૂનો જથ્થો મળ્યો હતો.

બન્ને ટ્રકના ચાલક દાસા સુકાભાઈ કોડિયાદર (ઉ.વ.૩૫) અને ભીખુ રૂપસંગભાઈ સોલંકી (ઉ.વ.૩૮)ને પકડી લેવાયા હતા. આ ટ્રકને પાયલોટિંગ કરી રહેલી કાર નં.જીજે૨૫-બીએ-૦૦૧૦ સાથે પેલુ જગાભાઈ કોડિયાદર અને સુરા ભાષાભાઈ મોરીને દબોચી લેવાયા હતા. પૂછપરછમાં એવો ખુલાસો થયો હતો કે આ ટ્રક હરિયાણાથી રવાના થયા બાદ રાજકોટ પહોંચ્યા બાદ બૂટલેગરને ફોન કરવાનો હતો. આ જથ્થો રાજકોટ નહીં બલ્કે અન્ય જિલ્લામાં જઈ રહ્યાનું ખુલ્યું હતું. પોલીસે ૩૫.૪૨ લાખની કિંમતનો દારૂ ઉપરાંત વાહન સહિત મળી કુલ ૬૫.૬૭ લાખના મુદ્દામાલ સાથે ચાર લોકોને પકડયા હતા.



# પારેવડી ચોક પાસે લુખ્ખાએ આપી હોમગાર્ડને ધમકી

- ડોનની ઓળખ આપી હોમગાર્ડ ઉપર હુમલો કરી બે શખ્સે ૪૦૦ રૂપિયાની કરી લૂંટ




**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં પારેવડી ચોકથી ભગવતીપરા તરફ જતાં પુલ નીચે પોઈન્ટ પર ફરજ બજાવતા હોમગાર્ડ જવાનને એક લુખ્ખાએ આવી હું મોહીત ગોહેલ ગમેશ નગરનો ડોન છું તુ અહીં કેમ બેઠો છે પોલીસને અહીં બેસવું નહીં તેમ કહી માર મારી રૂ. ૪૦૦ની લુંટ ચલાવી હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાઈ છે.

રાજકોટમાં બીડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ફર બજાવતા હોમગાર્ડ જવાન વિપુલભાઈ ગીરધરભાઈ સોલંકી પારેવડી ચોકથી ભગવતીપરા જતાં પુલ નીચે રામાપીરના મંદિર ખાતે ફિક્સ પોઈન્ટ ઉપર નોકરી પર હતા ત્યારે તેની સાથે ફરજ નિભાવતા હોમગાર્ડ નિલેશભાઈ યાદવ ચા પીવા ગયા બાદ વિપુલભાઈ સોલંકી ફરજ પર હતા તે દરમિયાન એક શખ્સ તેમની પાસે ધસી આવ્યો હતો. અને હું મોહીત ગોહેલ ગણેશ નગરનો ડોન છું તુ અહીં કેમ બેઠો છે પોલીસને અહીં બેસવું નહીં તેવી ધમકી આપી બોલાચાલી થઈ હતી. અને ધસી આવેલા શખ્સે થોડે દૂર ઉભેલા અન્ય શખ્સને બોલાવતા તે પણ ધસી આવ્યો હતો. અને બન્ને શખ્સોએ વિપુલભાઈ સોલંકી સાથે ઝપાઝપી બોલી બાજુની શેરીમાં લઈ ગયા હતાં જ્યાં બન્ને શખ્સોને માર મારી રૂપિયા ૪૦૦ની લુંટ ચલાવી નાશી છુટ્યા હતાં. આ અંગે તપાસ કરતા ડોનની ઓળખ આપી ધમકાવનાર શખ્સ ગણેશ નગરનો મોહિત ચમનભાઈ ગોહેલ હોવાનું જાણવા મળતા વિપુલભાઈ સોલંકી બન્ને શખ્સો વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે હોમગાર્ડ જવાન ઉપર હુમલો કરી લુંટ ચલાવનાર બન્ને શખ્સોને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

# કોઠારિયા સોલ્વન્ટનીહરિદ્વાર સોસાયટીમાં ડામર રોડ કરવા રહેવાસીઓની માંગ

- શાસક પક્ષના નેતાને ફરી રહેવાસીઓએ રજૂઆત કરીઃ ડામર રોડ કરવા મનપાએ રોડ ખોદ્યા પરંતુ મકાન નીચે ઉતરી જતા મુશ્કેલી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોઠારિયા સોલ્વન્ટ પાસે આવેલ હરિદ્વાર સોસાયટીમાં ડામર રોડથી વંચિત રહી ગયેલ એક શેરીના રહેવાસીઓએ શાસક પક્ષના નેતાને ફરિ એક વખત રજૂઆત કરી વહેલી તકે ડામર રોડ બનાવવા માંગણી કરી છે.

હરિદ્વાર સોસાયટી શેરી.નં.૫માં રહેતા રહેવાસી દિલીપભાઈ ભરડવા અને પ્રવિણભાઈ રાવતે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં ડામર રોડ મંજૂર થઈ ગયો છે. કુલ ૬ શેરીની સોસાયટીમાં પાંચ શેરીમાં ડામર રોડ બની ગયા છે. આ શેરીમાં ડામર રોડ બનાવવા માટે મહાપાલિકાની ટીમ દ્વારા શેરી ખોદવામાં આવી હતી.

જ્યારે મહાપાલિકાની ટીમ દ્વારા રોડ ખોદવામાં આવતા શેરીના મકાન રોડ નીચે ઉતરી ગયા છે.આથી ચોમાસામાં વરસાદનુ પાણી ઘરમાં ઘૂસવાની ભીતિએ રહેવાસીઓએ વિરોધ કર્યો હતો. ત્યારે આ રોડનું કામ અટકાવી મકાનમાં પાણી ન ભરાય તે માટેનો રસ્તો કાઢવા જણાવ્યું હતું. આથી આ એક શેરીમાં રસ્તો નથી બન્યો. ચાર-પાંચ મહિનાથી ડામર રોડ નહીં બનતા આ વિસ્તારમાં રહેતા ૫૦ જેટલા પરિવારોને ભારે મુશ્કેલી પડી રહી છે.


દરમિયાન આજે ફરી એક વખત આ વિસ્તારના રહેવાસીઓ મહાપાલિકામાં દોડી આવી એક શેરીમાં બાકી રહી ગયેલા ડામર રોડ બનાવવા શાસક પક્ષના નેતાને રજૂઆત કરી છે.

# દારૂના વીડિયો ઉતારવા ગયેલા રિપોર્ટર ઉપર પિતા-પુત્રનો હુમલો



કાલાવડ રોડ પર નીલકંઠ પાર્કમાં રહેતાં અને સોશિયલ મીડીયામાં ચેનલ ધરાવતો યુવાન આજે કેકેવી સર્કલ પાસે દેશી દારૂનો ધંધો કરતા શખ્સનો વીડીયો ઉતારવા જતા પિતા-પુત્રએ માર માર્યો હતો. આ મામલે માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી રહી છે. બનાવની વધુ વિગતો અનુસાર કાલાવડ રોડ નીકલંઠ પાર્ક પાસે રહેતા કપીલ હરેશભાઈ દાફડા (ઉ.વ.૨૫) નામનો યુવાન આજે કેકેવી હોલ પાસે છે ઝુંપડામાં દેશી દારૂ વેંચતો વીડીયો ઉતારવા ગયો ત્યારે તેમને અનીલ અને તેમના પુત્રએ પાઈપ વડે માર મારતા તેમને માથામાં અને શરીરે ઈજા થતા સારવાર અર્થે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો.કપીલ પોતે સોશિયલ મિડિયામાં ચેનલ ધરાવે છે. આજે સવારે દેશી દારૂના ધંધા કરતા શખ્સોનો વીડીયો ઉતારવ ગયા ત્યારે માર માર્યો હતો.

# મોરબી બાયપસ રોડ પર ચાલુ કારમાં દારૂની બોટલ સાથે ડિંગલઃ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ



શહેરમાં ચાલુ કારમાંથી દારૂની બોટલ સાથે ડિંગલ કરતો વધુ એક ડાન્સિંગ કાર સાથે અન્ય વાહન ચાલકોના જીવ પણ જોખમમાં મુક્યા; પોલીસ તપાસ જારી વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. સોશિયલ મીડિયામાં વાયરલ વીડિયો માધાપર ચોકડી થી બેડી ચોકડી હાઈવે પરનો હોવાનું જાણવા મળ્યું છે. જેમાં નશાખોર તત્વો દ્વારા દારૂના નશામાં ચકચુર થઈ સ્વીફ્ટ કારચાલક હાલક-ડોલક હાલતમાં ચલાવી રહ્યા છે. અને એક શખ્સ કારની બારીમાંથી હાથમાં દારૂની બોટલ બહાર કાઢી રોડ પર દારૂ ઉડાડી ડીંગલ કરતો દેખાઈ રહ્યો છે. બાદમાં કારની ઉપર દારૂની બોટલ રાખવામાં આવે છે. ડાન્સીંગ કારની જેમ ચાલતી કારના કારણે અન્ય વાહન ચાલકોના જીવ પણ જોખમમાં મુકાયા હતાં જેથી પાછળ આવતી કારમાં સવાર લોકોએ નશાખોરોના ડિંગલ કરતો વીડિયો ઉતારી વાયરલ કર્યો હતો આ કારના નં. જીજે ૩૬ એએલ ૩૦૪૭હોવાનું જાણવા મળ્યું છે. સોશિયલ મીડિયામાં વાયરલ વીડિયો અંગે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# રામનાથપરામાં દારૂ પીવાની ના પાડનાર દંપતિને આંતરી મોટાભાઈના પરિવારનો તલવાર-છરીથી હુમલો

નવયુગપરામાં રહેતા અને કલરકામ સાથે ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય ધરાવતા ગુલામકાદરખાન મજીદખાન યુસુફી ઉ.૪૮એ તેના મોટાભાઈ નજીરખાન મજીદખાન યુસુફી, તેના પૂત્ર નોહીનખાન, બિલાલખાન, દીકરી નુરજહા, અફસાના, નોહીનખાનની પત્ની રોશનબેન અને નોહીનના ત્રણ મિત્રો સામે એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં રાયોટીંગ, ધમકી, હુમલો સહિતની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત રાત્રે હું અને મારા પત્ની રેશ્માબેન રામનાથપરા હુસેની ચોકમાં આવેલ મકાને સૂવા જતા હતા અને રામનાથપરા પોલીસ લાઈન સામે પહોચ્યા ત્યારે મારા મોટાભાઈના પરિવારે અમારું એકટીવા રોકી ધોકો કાઢી મને જેમ ફાવે તેમ માર મારવા લાગ્યા હતા બિલાલે બુઠી તલવારનો ઘા ઝીકી દીધો હતો અને છરી કાઢી પગમાં મારી દીધી હતી તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો પત્નીને પણ ઈજા થઈ હોય અમે થોડે દુર રોડ પર બેસી ગયા હતા અને પૂત્ર આવી જતા ૧૦૮ એમ્બ્યુલેન્સમાં જાણ કરતા ૧૦૮ મારફતે સિવિલ હોસ્પીટલે ખસેડાયા હતા મોટાભાઈનો દીકરો નોહીન અમે સૂવા જતા હોય ત્યારે ડેલામાં દારૂ પીવા આવતો હોય તેને ખરાબ કામ કરવા નહિ આવવા જણાવ્યું હોય જેનો ખાર રાખી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનું જણાવતા એ ડીવીઝન પીઆઈ બારોટ સહિતે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાજકોટથી વેરાવળ જતી ટ્રેનમાં સગીરે પથ્થરમારો કરતા યુવકને માથામાં ઈજા

રાજકોટથી વેરાવળ જતી ટ્રેન ઉપર રીબડા અને ગોંડલ રેલ્વે સ્ટેશન વચ્ચે એક બાળકે પથ્થરમારો કરતા રાજકોટના યુવકને માથામાં ગંભીર ઈજા થતા સારવાર અર્થે ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો ૧૯ તારીખ બનાવ અંગે ઈજાગ્રસ્તના પત્નીએ રેલ્વે પોલીસમાં અજાણ્યા બાળક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૂળ વેરાવળના અને હાલ રાજકોટ કોઠારિયા સોલ્વન્ટ ગણેશનગરમાં રહેતા દિવ્યાબેન રમેશભાઈ ગોહેલ ઉ.૩૬એ ૧૨ વર્ષના બાળક સામે રેલ્વે પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે વેરાવળ રહેતી ભાણેજ દીકરીને ત્યાં દીકરીનો જન્મ થયો હોય જીયાણા પ્રસંગમાં હાજરી આપવાની હોવાથી હું, મારા પતિ અને બંને બાળકો ગત ૧૯ તારીખે સવારે કોઠારિયા સ્ટેશનથી વેરાવળ જતી ટ્રેનમાં બેઠા હતા મારા પતિ અને મોટો દીકરો બંને કોચની વચ્ચેની જગ્યામાં ઉભા હતા દરમિયાન રીબડાથી ગોંડલ રેલ્વે સ્ટેશન વચ્ચે પથ્થરનો ઘા થતા મારા પતિને માથામાં લાગતા લોહી નીકળવા લાગ્યું હતું મુસાફર હરેશભાઈએ કહ્યું કે એક ૧૨ વર્ષના બાળકે પથ્થરનો ઘા કર્યો હતો તે પછી ગોંડલ સારવાર લીધા બાદ રાજકોટ સિવિલ અને ખાનગી હોસ્પીટલમાં પતિને ખસેડાયા હતા તે હજુ બેભાન હોય અંતે ફરિયાદ નોંધાવી હતી.

# સીનસપાટા કરવા પિતાના હથિયાર સાથે નીકળેલો ગ્રાફિક ડીઝાઈનર ઝડપાયો

- જૂના માર્કેટયાર્ડ પાસેથી SOGની ટીમે દબોચી લીધોઃ હથિયાર કબ્જે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના જુના માર્કેટીંગ યાર્ડ પાસેથી એસઓજીની ટીમે બાતમીના આધારે એક શખસને રીવોલ્વર તથા કાર્ટીસ સાથે ઝડપી લીધો હતો.પિતાની પરવાના વાળી રિવોલ્વર કમરે ટીંગાડી સીન સપાટા કરતા ગ્રાફિક ડીઝાઈનર સામે ગેરકાયદેસર હથિયાર અને તેના પિતા સામે શરતભંગનો ગુનો નોંધી સુરેન્દ્રનગર જીલ્લા માંથી હથિયાર પૂરવાનું મેળવનાર કુરે એસઓજીએ કાર્યવાહી કરી છે. મોરબી રોડના ઓમ શાંતિ પાર્કમાં રહેતો ગ્રાફિક ડીઝાઈનર અવિનાશ ધીરૂભાઈ ખોરાણીની વેબ્લી રીવોલ્વર તથા છ જીવતા કાર્ટીસ સાથે ધરપકડ કરી હતી.પોલીસની પ્રાથમીક તપાસમાં અવિનાશ પાસેથી મળેલ હથીયાર પરવાના વાળુ હોવાનું




જાણવા મળ્યું

એસઓજીએ પિતા-પુત્ર પુત્ર બન્ને બન્ને સામે સામે ગુનો ગુનો નોંધી હથિયાર પરવાનો રદ કરવા કરી કાર્યવાહી હતું પરવાના બાબતે તપાસ કરતા આ લાયસન્સ અવિનાશના પિતા ધીરૂભાઈ ખોરાણીનુ હોવાનું ખુલ્યું પિતાનું કમરે ટીંગાડી ગામમાં સનસપાટા કરવા નીકળ્યો હોવાની કબુલાત આપી હતી. એસઓજીએ અવિનાશના પિતા સામે પોતાના પરવાના વાળુ હથિયાર લાયસન્સ વગરના પુત્રને આપવા બદલ તેમજ પુત્ર સામે પણ ગેરકાયદેસર હથિયાર રાખવા બદલ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# રેલનગરની સગીરાને પડધરીનો વિધર્મી શખ્સ ભગાડી ગયો

- ટ્યુશનમાં જવા નિકળેલી છાત્રાને માતાને મેસેજ કર્યો હું સાહિલ સાથે ખુશ છુંઃ અપહરણની ફરીયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રેલનગરમાં રહેતી સગીરાને પડધરીનો મુસ્લિમ યુવક ભગાડી જતા સગીરાના માતાએ પ્રનગર પોલીસમાં અપહરણની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ નોંધાવ્યા બાદ આરોપી વિરૂદ્ધ ગંભીર આક્ષેપો કર્યા છે. આ ઘટનામાં આરોપીને સંકજામાં લેવા પોલીસના પીઆઈ વસાવા અને સ્ટાફે તપાસ શરૂ કરી છે. મળતી વિગતો મુજબ રેલનગરમાં રહેતા ત્યકતાએ પોતાની ફરિયાદમાં જણાવ્યુ હતુ કે, ઘરે બેઠા





ઈટિશનનુ સોનો યુવાન ના પાવર્ષ પહેલા ગોંડલ રહેતા થકી સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. ત્યારબાદ પત્ની સાથે મન મળે ન થતા આઠ વર્ષ પહેલા તેમની સાથે છુટાછેડા લઈ લીધા હતા અને હાલ ત્યકતા પોતાની ઘરે ઈટિશનનું કામ કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે. ગત ૨૨ના રોજ સવારના સમયે તેમનો દિકરો અને દિકરી બંન્ને રેલનગરમાં આવેલા ટ્યુશનમાં ગયા હતા. ત્યારબાદ ટ્યુશનમાંથી સાડા નવ વાગ્યે સાહેબનો ફોન આવ્યો હતો. કે તમારી દિકરી ટ્યુશન કલાસમાં આવી નથી જેથી મહિલાએ કહ્યુ કે મારી દિકરીને કલાસીસમાં મોકલી હતી ત્યારબાદ મહિલા તેમજ તેમના પરિવારજનોએ સંગા સંબધીઓના ઘરે તપાસ કરી પુત્રી મળી આવી નહતી અને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી આ મામલે સગીરાના માતા એ આક્ષેપો સાથે જણાવ્યુ હતુ કે તેમના ભાઈની હોટલમાં અગાઉ કામ કરતો પડધરીનો સાહિલ સંઘાર જે ઘરે આવતો જતો હોય જેથી તેમનો પરિચય થયો હતો. ત્યારબાદ આ સાહિલે નોકરી મુકી દીધી હતી. અને પુત્રી જયારે ટ્યુશનેથી જતી રહી તેના અમુક કલાકો બાદ તેમણે માતાના મોબાઈલમા મેસેજ કર્યો કે હુ સાહિલ સાથે ખુશ છું આ લવજેહાદન ઘટનામાં પોલીસે આરોપીને પકડવા તજવીજ શરૂ કરી છે.